નં.એમએજી/૧/વશી/ ૧૪૨૦ /૨૦૧૮
જિલ્લા મેજીસ્ટ્રેટ પાટણની કચેરી,
તારીખઃ–૦૭/૦૭/૨૦૧૮

વંચાણમાં લીધુઃ– સરકારશ્રીના ગૃહવિભાગના તા.૦૬/૦૭/૨૦૧૮ના ઠરાવક્રમાંકઃ MIS/65/2018/F-II
(પાર્ટ ફાઈલ)

હુકમઃ–

સરકારશ્રીના ગૃહવિભાગના સંદર્ભવાળા ઠરાવથી ચાલુ વર્ષ–૨૦૧૮ દરમ્યાન મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપથીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જે–તે વિદ્યાર્થી ધ્વારા ડોમીસાઈલ સર્ટીફિકેટ રજુ કરવામાં આવેલ છે જેની ચકાસણીની કામગીરી માટે સમિતીની રચના કરવા સુચના થઈ આવેલ છે.

રાજય સરકાર ધ્વારા મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયપેથીક તથા નેચરોપેથીના અભ્યાસ માટે સને.૨૦૧૮થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૫/૨૦૧૮ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિદ્યાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને જ પ્રવેશ આપવામાં આવે છે. નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૦૧૬૪/૨૦૧૮ સંદર્ભે ડોમીસાઈલ સર્ટીફિકેટ અપાયેલ છે તે ડોમીસાઈલ સર્ટીફિકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રિયાની સાથે જ કરવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. ડોમીસાઈલ સર્ટીફિકેટના વેરીફિકેશનની કાર્યવાહી તા.૨૦/૦૭/૨૦૧૮સુધીમાં પૂર્ણ કરવાની થાય છે. ચાલુ વર્ષ–૨૦૧૮ દરમ્યાન મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપથીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જે–તે વિદ્યાર્થી ધ્વારા ડોમીસાઈલ સર્ટીફિકેટ રજુ કરવામાં આવેલ છે જેની ચકાસણીની કામગીરી માટે નીચે જણાવ્યા મુજબની સમિતીની રચના કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીનો હોદ્દો | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, સિધ્ધપુર | અધ્યક્ષ |
| ૨ | એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમિટી ધ્વારા નિયુકત પ્રવેશ સમિતીના અધિકારીશ્રી / કર્મચારીશ્રી | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ | સભ્યશ્રી |
| ૪ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાટણ | સભ્યશ્રી |
| ૫ | મામલતદારશ્રી, ડિઝાસ્ટર, કલેકટર કચેરી, પાટણ | સભ્યશ્રી |

સમિતી ધ્વારા કરવાની થતી કાર્યવાહીઃ–

- ઉપરોકત સમિતી સમક્ષ ડોમીસાઈલ સર્ટીફિકેટ અને તેને આનુષંગિક જરૂરી દસ્તાવેજો / પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ–૧૨ તથા ૧૦ની માર્કશીટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર–નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (જો લાગુ પડતું હોય તો), ફી ભર્યાની રસીદ વિગેરે પ્રમાણપત્રો સંબંધિત ઉમેદવારોએ રજુ કરેલ હોય તેનું વેરીફિકેશન કરવાનું રહેશે.
- ડોમીસાઈલ સર્ટીફિકેટ સમિતીએ મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપેથીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના ઉમેદવારો ધ્વારા રજુ કરેલ ડોમીસાઈલ સંબંધિત સર્ટીફિકેટ સંબંધિત દસ્તાવેજો / પ્રમાણપત્રો જોઈને ડોમીસાઈલ સર્ટીફિકેટ ઉપર VERIFIED / REJECTED ના સિકકા લગાવી સહી કરી તેની યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે, ઉપરાંત વધુ કોઈ પુરાવાની જરૂરિયાતના કેસમાં વેરીફિકેશન ટીમે તે અંગે ઉમેદવારને જણાવી તે પુરાવા મેળવીને યોગ્ય તે નિર્ણય લઈ શકશે.

Scanned by CamScanner

➢ એડમીશન પ્રક્રિયા સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ MCIએ નકકી કરેલ સમયપત્રક મુજબ થતી હોવાથી તારીખ અને સમયપત્રકનું પાલન કરવાનું ફરજીયાત હોઈ ડોમીસાઈલ સર્ટીફિકેશનની પ્રક્રિયા તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરીને VERIFIED FINAL યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે.

સદરહુ સમિતી ધ્વારા ઉપરોકત ટાઈમલાઈનને ધ્યાને લઈ ચોકસાઈ પુર્વક કામગીરી હાથ ધરવાની રહેશે અને VERIFIED FINAL યાદી એડમીશન કમિટીને સમયમર્યાદામાં રજુ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

**પ્રતિ,**

– સંબંધિત અધિકારીશ્રીઓ તરફ..... હુકમ મુજબ અમલવારી થવા સારૂ.

**નકલ જયભારતસહ જાણ સારૂ રવાનાઃ–**

– અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

– અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

– ચેરમેનશ્રી, કોરકમિટી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજયુએટ / પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્સીસ,જી.એમ.ઈ.આર.એસ., મેડીકલ કોલેજ, સેકટર–૧૨, ગાંધીનગર

Scanned by CamScanner